# ખેતતલાવડી દ્વારા પાણીનો સંગ્રહ કરી ડ્રીપ દ્વારા આધુનિક પદ્ધતિથી મરીમસાલા અને કપાસની ખેતી



નામ – ધનશ્યામભાઈ ઓધડભાઈ અડાલજા ઉંમર – ૩૪ વર્ષ
ગામ – ખોલડીયાદ અભ્યાસ – બી.એસ.સી (કેમેસ્ટ્રી)
તાલુકો – વઢવાણ ખેતી – ૧૦ વર્ષથી
જિલ્લો – સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના ખોલડીયાદ ગામે રહેતા ધનશ્યામભાઈ ઓધડભાઈ અડાલજા પોતાના પુરુષાર્થ, દ્રઢ સંકલ્પ અને આગવી કોઠાસુજથી ખેતી કરી પોતાના કુટુંબને આર્થિક અને સામાજીક રીતે ઉંચુ સ્થાન અપાવ્યુ છે. સામાન્ય રીતે પહેલા તેમના બાપદાદા ખેતી સંભાળતા ત્યારે તેઓ બિનપીયત, વરસાદ આધારીત કપાસ, જીરૂ ની ખેતી કરતા હતા. પરંતુ પિયતના સાધનો ન હોવાને કારણે તેમજ વરસાદની અનિયમિતતાના કારણે પુરતુ ઉત્પાદન મળતુ ન હતુ. ત્યાર બાદ તેઓ આત્મા યોજનામાં જોડાયા અને તાલીમ તથા પ્રેરણા પ્રવાસ દરમિયાન કૃષિ વિજ્ઞાન કે ન્દ્ર, નાના કાંધાસર તેમજ જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત, કૃષિમેળા અને કૃષિ મહોત્સવ દરમિયાન ખેતીની સરકારી યોજનાની વિવિધ જાણકારી મેળવી તેમજ પોતાના દ્રઢ સંકલ્પથી આધુનિક ખેતી કરવાનો નિર્ધાર કર્યો.

વર્ષ ૨૦૦૯-૨૦૦૧૦ માં સૌરાષ્ટ્ર જલધારા ટ્રષ્ટના સહયોગથી તેમના ખેતરમાં કુલ ૩૦ ગુંઠામાં ખેત તલાવડી બનાવી અને તલાવડીના એક ખુણામાં કુવો બનાવ્યો. આ તલાવડી બનાવવા માટે જી.એલ.ડી.સી માંથી સબસીડી પેટે સહાય મેળવી હતી. ટપક પધ્ધતિની જાણકારી મેળવતા તેમને લાગ્યુ કે જો કપાસની ખેતી ટપક પધ્ધતિથી કરવામાં આવે તો પાણીનો બચાવ થાય અને જમીન ઓછી બગડે. આમ તેમને પોતાના ખેતરમાં આર.કે.વી.વાય યોજનાનો અને જી.જી.આર.સી માંથી સહાય મેળવી ૧૦૦ ટકા ટપક પધ્ધતિ અપનાવેલ છે.

વધુમાં તેમના ખેતરમાં કુલ ૩૦ ગુંઠામાં ખેત તલાવડી બનાવી અને તલાવડીના એક ખુણામાં કુવો બનાવ્યો આ પધ્ધતી અપનાવ્યા બદલ વ્રાઇબ્રન્ટ ગુજરાત સમિતિ-૨૦૧૩ માં માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના હસ્તે ધનશ્યામભાઈ ઓધડભાઈ અડાલજા ને જીલ્લા કક્ષાએ પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે. તેમજ આત્મા યોજના દ્વારા આપવામાં આવતા જીલ્લા કક્ષાએ તથા તાલુકા કક્ષાએ ના બેસ્ટ ફાર્મર એવોર્ડ માં જીલ્લા કક્ષાએ ધનશ્યામભાઈ ઓધડભાઈ અડાલજા ને એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.





**કપાસ, તલ, જુવાર અને જીરૂની ખેતીમાં વાર્ષિક ખર્ચ - આવક (કુલ જમીન-૨૬ એકર)**

| અ.નં | વર્ષ | પાક | ઉત્પાદન | ભાવ રૂ/- | ખર્ચ | નફો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૯-૨૦૧૦ | કપાસ | ૩૮૦ મણ | ૭૦૫ | ૧૫૨૭૦૫ | ૧૬૭૯૯૫ |
| | | તલ | ૪૮ મણ | ૧૧૦૦ | | |
| ૨ | ૨૦૧૦-૨૦૧૧ | કપાસ | ૧૨૨૨ મણ | ૧૦૦૦ | ૪૮૧૫૦૦ | ૭૬૪૫૦૦ |
| | | તલ | ૫ મણ | ૧૨૦૦ | | |
| | | જીરૂ | ૬ મણ | ૩૦૦૦ | | |
| ૩ | ૨૦૧૧-૨૦૧૨ | કપાસ | ૮૨૦ મણ | ૮૫૧ | ૭૪૩૨૦૦ | ૪૮૫૬૨૦ |
| | | તલ | ૩૦ મણ | ૧૨૦૦ | | |
| | | જીરૂ | ૧૫૦ મણ | ૩૦૦૦ | | |
| | | જુવાર | ૩૦૦ મણ | ૧૫૦ | | |
| ૪ | ૨૦૧૨-૨૦૧૩ | કપાસ | ૮૯૪ મણ | ૮૫૨ | ૮૭૦૪૨૦ | ૮૭૬૬૮૩ |
| | | તલ | ૨૮૨ મણ | ૧૮૧૫ | | |
| | | જીરૂ | ૧૭૦ મણ | ૨૫૫૦ | | |
| | | જુવાર | ૪૦૦ મણ | ૧૦૦ | | |

આમ ગુજરાતમાં દરેક ખેડુત જો ખેતતલાવડી બનાવે અને ટપક પધ્ધતિથી ખેતી કરે તો કદાચ નર્મદાના પાણીની જરૂરીયાત ન રહે કારણ કે ચોમાસાનુ પાણી નદી દ્વારા સમુદ્રમાં ભળે છે તે બધુજ પાણી ખેતતલાવડી દ્વારા ભુગર્ભમાં ઉતરશે અને તલાવડીમાં રહેલા પાણીનો ઉપયોગ ખેતીમાં કરી શકે. કદાચ દરેક ખેડુત ન અપનાવે પણ જયાં નર્મદાનું પાણી પહોંચતુ નથી તે બધાજ ખેડુતો સમજપૂર્વક ખેતતલાવડી અને ટપક પધ્ધતિ અપનાવે તો દરેક ખેડુતો આર્થિક રીતે વિકાસ થઈ શકે છે. ભારત ખેતીપ્રધાન દેશ છે. દેશનો વિકાસ કરવા માટે ખેતીનો વિકાસ કરવો જરૂરી છે. એ માટે ખેડુતોમાં જાગૃતિ લાવવી જરૂરી છે. આમ ખેડુતોમાં જાગૃતિ આવશે તો દેશનો વિકાસ થશે એટલે કે વિકાસશીલ માંથી વિકસીત દેશ બનશે.